# શહેરમાં ઠંડી ફરી આક્રમક : પારો ૭.૫ ડીગ્રી ગગડયો

**ગઇકાલે સવારે સર્જાયેલા વાદળિયા વાતાવરણ બાદ અચાનક જ ઠંડીનુ પ્રમાણ વધ્યુ : મહત્તમ તાપમાન પણ એક ડીગ્રી ઘટયુ : ગાંધીનગર ફરી ઠંડુગાર : ઠંડીની અસરથી નગરજના જનજીવનમાં સુનકાર**



ગાંધીનગર તા ૩

શહેરમાં ઠંડીનો મિજાજ ફરી એકવાર ઉગ્ર બન્યો છે. છેલ્લા બે ત્રણ દિવસથી નગરજનો ઠંડીમાં રાહત અનુભવી રહ્યા હતા ઠંડીનો પારો ગઈકાલે ૧૬ ડીગ્રી ઉપર પહોંચી ગયો હતો જયારે ગઈકાલના વાદળિયા વાતાવરણ બાદ આજે અચાનક જ ઠંડીનો મિજાજ આક્રમક બનતા લઘુત્તમ તાપમાન ૬.૫ ડીગ્રી ગગડયુ હતુ. ઠંડીનો પારો ૯ ડીગ્રીએ પહોંચી ગયો હતો. જેના લીધે સવારથી જ કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ સાંજ ઢળતા પણ કોલ્ડવેવની અસરથી બચવા માટે નગરજનો ઘરમાં પુરાયેલા રહ્યા હતા. ગાંધીનગર ઠંડુગાર બનતા રાત્રિના સમયે નગરના માર્ગો પર સુનકાર જોવા મળ્યો હતો.

શહેરમાં આજે ફરી એકવાર ઠંડીનો મિજાજ આકરો બન્યો હતો લઘુત્તમ પારો ગગડીને ૯ ડીગ્રીએ પહોંચી ગયો હતો. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૬.૫ ડીગ્રી નોંધાયુ હતુ જયારે આજે ૬.૫ ડીગ્રીના તફાવત સાથે ઠંડી અચાનક જ વધી ગઈ હતી. ગાંધીનગર ઠંડુગાર બની ગયુ હતુ. અત્યાર સુધી સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી ૭.૫ ડીગ્રી નોંધાઈ છે. જયારે છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનુ જોર હળવુ પડી ગયુ હતુ પરંતુ ગઈકાલના વાદળિયા વાતાવરણ બાદ આજે ઠંડીએ અસલ મિજાજ દેખાડયો હતો. ઠંડીનો પારો ૯ ડીગ્રીએ પહોંચી જતા ગાંધીનગર ઠંડુગાર બની ગયુ હતુ. આકરી ઠંડીના લીધે નગરજનો ઘરમાં પુરાયેલા રહ્યા હતા. આક્રમક ઠંડીના લીધે નગરના જનજીવનમાં પણ સુનકાર જોવા મળ્યો હતો.

સવારથી જ ઠંડીનો ચમકારો વર્તાવાનુ શરૂ થઈ ગયુ હતુ આકરી ઠંડીની અસરથી સવારે માર્નિંગ વોક કરનારાઓએ પણ ઘરની બહાર નિકળવાનુ પસંદ કર્યુ ન હતુ. અસહ્ય ઠંડીનો ચમકારો વર્તાતા સેકટરવાસીઓ વહેલી સવાર બાદ કુણો તડકો ખાવા માટે બેસી ગયા હતા. જયારે દિવસ દરમિયાન પણ નાગરિકો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. આક્રમક ઠંડીના લીધે સાંજ ઢળતા સેકટરવાસીઓ ઘરમાં પુરાઈ ગયા હતા જયારે માર્ગો પરની અવરજવર પણ નહીંવત જોવા મળી હતી. નગરના માર્ગો પર રાત્રિના સમયે સુનકાર પ્રવર્તયો હતો જયારે સાંજે પણ શોપિંગ બજારમા કોઈ ખાસ ચહલ પહલ જોવા મળી ન હતી.

આકરી ઠંડીના લીધે શ્રમિકો પણ ફરી એકવાર તાપણાના સહારે આવી ગયા હતા. ખુલ્લામાં રહેતા ઝુંપડાવાસીઓની હાલત વધુ દયાજનક બની હતી. ઠંડીના કહેરથી સિનિયર સિટીઝન્સ તેમજ દમ અને શ્વાસના દર્દીઓની હાલત કફોડી બની છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં પણ એક ડીગ્રીનો ઘટાડો જોવા મળ્યો હતો. લઘુત્તમ તાપમાન એકાએક ૬.૫ ડીગ્રી ગગડતા વાતાવરણમાં કોલ્ડવેવની અસરથી દિવસે પણ ઠંડક પ્રવર્તી હતી.

શહેરમાં અત્યાર સુધી રેકર્ડ બ્રેક ઠંડી ૭.૫ ડીગ્રી સુધી નોંધાઈ છે.જયારે આજે ફરી એકવાર ઠંડીનો પારો સિંગલ ડિઝીટમાં આવી જતા આગામી દિવસોમાં હજુ પણ ઠંડી વધશે તેવી સંભાવના પણ હવામાન તજજ્ઞોએ વ્યકત કરી છે.

## રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ બે તબક્કામાં યોજાશે

**૧૨ થી ૧૬ જાન્યુઆરી વચ્ચે વિધિવત્ ઘોષણા થવાના સંકેતો : પંચ દ્વારા ૧૦મીની આસપાસ વિભાગો સાથે સમીક્ષા બેઠક યોજશે**

ગાંધીનગર, તા. ૩

રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ અંગેની જાહેરાત ૧૨ થી ૧૬ જાન્યુઆરી વચ્ચે કરવામાં આવશે.

રાજય ચૂંટણી પંચે તેની તૈયારીઓ અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી હોવાના સંકેત આપતાં એવુ જાણવા મળ્યુ છે કે ચૂંટણીની જાહેરાત પૂર્વે આરોગ્ય, ગૃહ વિભાગ અને અન્ય વિભાગો સાથેની પરામર્શ બેઠક કોરોનાની સ્થિતિ અંગેની સમીક્ષા માટે યોજવાની દિશામાં કાર્યવાહી હાથ ધરી છે.

મળતા સંકેતો મુજબ બે તબક્કામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ યોજવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં મનપા અને નગરપાલિકાઓનો સમાવેશ થાય છે જ્યારે બીજા તબક્કામાં જિલ્લા અને તાલુકા પંચાયતોનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પ્રક્રિયા ફેબ્રુઆરીના અંત સુધીમાં પૂર્ણ કરી દેવાનું આયોજન હાલના તબક્કે તૈયાર કરવામાં આવ્યુ છે. જેથી માર્ચમાં તેમની પ્રથમ બેઠક મળે અને પ્રથમ પખવાડિયાના અંત સુધીમાં તેમના અંદાજપત્રો તૈયાર કરી અને તેને બહાલી પણ આપી દેવામાં આવે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૫ મી જાન્યુઆરીએ મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ પછી તૈયારીઓને લગભગ આખરી ઓપ આપી દેવામાં આવશે. મતદાન મથકો અંગેની જરૂરી દરખાસ્તો અને મંજૂરીની કામગીરી પણ ૧૦મી જાન્યુઆરી સુધીમાં આટોપી લેવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે ચૂંટણી નિષ્પક્ષ વાતાવરણમાં યોજાય તે માટે જરૂરી તમામ પગલાંઓ લેવામાં આવશે.

મતદાન મથક દીઠ ખર્ચની મર્યાદામાં વધારો કરવાનો નિર્ણય પણ લેવાઈ ચુકયો છે. આ ઉપરાંત બે અમાન્ય રાજકીય પક્ષોની નોંધણી કરી તેમના માટે ચિહ્નોને સુરક્ષીત કરતા હુકમો જારી કરી દેવાયા છે. વધુ એક અમાન્ય રાજકીય પક્ષની નોંધણી માટેનું જાહેરનામુ પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યુ છે.

રાજય ચૂંટણી પંચ દ્વારા

● અનુસંધાન પાન-૭ પર



બદલાતી તાસિર - વર્ષો સુધી બિચારુ-બાપડું, અટલું કેપિટલ રેલવે સ્ટેશન હવે નવા રૂપ-રંગ સાથે ગાંધીનગરની આગવી ઓળખ બનવા જઈ રહ્યું છે... ત્યારે બદલાતી તાસિરની તસવીરો... માત્ર ગાંધીનગરમાં જ નહિ પણ દેશમાં નમૂનારૂપ સ્ટેશન બન્યું છે... બસ હવે ગણતરીના દિવસોમાં ધમધમશે...

## જિલ્લામાં કોરોનાના નવા ૨૧ કેસ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૨૧ કેસ નોંધાયા છે. જેમાં ૧૨ કેસ ગ્રામ્ય વિસ્તારમાં અને ૯ કેસ ગાંધીનગર શહેરમાં નોંધાયા છે.

જિલ્લામાં કેસોની સંખ્યામાં ચડાવ-ઉતાર જોવા મળતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. શહેરમાં ત્રીજા દિવસે પણ કેસોની સંખ્યા ૧૦ થી નીચે રહેવા પામી છે. જયારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા ૧૫થી નીચે રહેવા પામી છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૧૨ અને શહેરમાં પણ ૧૨ દર્દીઓને રિકવર થતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. સરખી નોંધાઈ છે. ગ્રામ્ય

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૧૨ કેસમાં ગાંધીનગરમાં ૮, દહેગામમાં ૨, કલોલમાં અને માણસામાં ૧-૧ કેસનો સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં કોરોનાના કેસો ઘટવાનું નામ લેતા નથી તેથી તંત્રની ચિંતા વધી છે.

**ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓમાં રિકવરી રેટ સારો : આજે વધુ ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૭૩૭ દર્દીઓ કોરોના મુક્ત થયા**

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૧૦૦થી વધુ કેસો નોંધાઈ ચુકયા છે. જેમાં ૨૭૪૦ પુરૂષ દર્દી અને ૧૩૭૩ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે શહેર જિલ્લામાં ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા એક સરખી નોંધાઈ છે.

દહેગામ તાલુકામાં ચિસકારી ગામેથી એક કેસ અને આજે રાંદેસણ ગામેથી વધુ ૨ કેસ મળી આવવા ઉપરાંત પેથાપુર, રાંધેજા, સાદરા, સરગાસણ, વલાદ અને વાવોલથી પણ કેસો મળી આવેલ છે.

અર્બન વિસ્તારમાંથી એક કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં આરસોડિયા ગામેથી એક કેસ મળી આવેલ છે.

માણસા અર્બનમાંથી પણ ૬૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૭૩૭ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૯૬ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં ૭૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

**ગાંધીનગરમાં ૮, દહેગામમાં ૨, કલોલ-માણસામાં ૧-૧ કેસ નોંધાયો : સે. ૪ માં એક જ પરિવારના ૩ કેસ સહિત નવ નવા કેસ નોંધાયા**

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૧૧૨ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગ્રામીણ વિસ્તારમાં સર્વેલન્સ સઘન બનાવવામાં આવ્યાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં આજે નવ કેસ કોરોનાના મળી આવ્યા છે. શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી ૧૦થી નીચે કેસો મળતાં તંત્રએ રાહતની શ્વાસ લીધી છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં ઈસરોના સાયન્ટીસ્ટ, સેક્શન ઓફિસર તેમજ સાબરમતી ગેસ કંપનીના ઉચ્ચ અધિકારીનો સમાવેશ થાય છે.

આજે શહેરમાં બે મહિલાઓ કોરોનાથી સંક્રમિત થઈ છે. આજે એક જ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે સે. ૪ માંથી ૮ વર્ષના બાળક સહિત ત્રણ કેસ એક જ પરિવારમાંથી મળવા ઉપરાંત સે. ૫, ૬, ૨૭, ૧૨, ૧ અને ૨૫ માંથી કેસો મળી આવ્યા છે. આજે નોંધાયેલા દર્દીઓમાં પાંચ દર્દી મોટી વયના છે.

શહેરમાં આજે ૧૧૦ જેટલા એક્ટીવ કેસ સારવાર હેઠળ છે. જેમાં ૯૦ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી આજે વધુ ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

## શહેરમાં સ્ટ્રીટ લાઈટના કટાયેલા થાંભલા ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી દહેશત

**સે-૫ એ માં કટાયેલા સ્ટ્રીટ લાઇટના થાંભલા ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવી સ્થિતિ : થાંભલા નવા નાંખવા માટે સ્થાનિકોની રજુઆત**

ગાંધીનગર તા ૩

ગાંધીનગરના સેકટરોમાં અંદાજિત ૧૮ હજાર જેટલા સ્ટ્રીટ લાઈટના થાંભલા છે. એલ ઈ ડી લાઈટના પ્રોજેકટ બાદ વિજબીલમાં પણ સરકારને રાહત થઈ છે. પરંતુ હજુ સેકટરોમાં સ્ટ્રીટ લાઇટની ફરિયાદો ઉઠતી રહે છે. બીજીતરફ સેકટરોમાં બંધ રહેતી સ્ટ્રીટ લાઈટોની સાથે કટાયેલા અને કંગાળ થાંભલા પણ ગમે ત્યારે જમીન દોસ્ત થાય તેવી દહેશત છે. સે-૫ એ માં પણ છેલ્લા ઘણાં સમયથી આવી જ હાલત છે. સ્ટ્રીટ લાઈટના કટાયેલા થાંભલા પણ જોખમી બન્યા છે. આ પ્રકારના પોલ્સ તંત્રએ ત્વરિત બદલવા માટે પણ સ્થાનિકોએ માંગણી કરી છે.



ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટ લાઈટો વારંવાર ડુલ રહેતી હોવાની અનેક ફરિયાદો ઉઠવા પામે છે. જયારે એલ ઈ ડી લાઈટના પ્રોજેકટના અમલી બન્યા બાદ સ્ટ્રીટ લાઈટોનુ બીલ ભારણ ઓછુ થયુ હોવાનુ પણ સુત્રો જણાંવી રહ્યા છે. પરંતુ હજુ સેકટરવાસીઓમાં સ્ટ્રીટ લાઈટોની ફરિયાદો ઘટી નથી. બીજીતરફ સ્ટ્રીટ લાઈટના થાંભલા પણ કટાયેલી અને કંગાળ હાલતમાં સેકટરવાસીઓ માટે જોખમી બની રહ્યા છે. જયારે સેકટરોમાં કેટલાક ઠેકાણે સ્ટ્રીટ લાઈટના થાંભલા જાનલેવા પુરવાર થાય તેવી પણ દહેશત છે. સેકટરોમાં કટાયેલા થાંભલા પડવાની તૈયારીમાં હોય તેવી સ્થિતિ છે. થાંભલા અજવાળુ પાથરતા નથી પરંતુ કાટ ખાઈ ગયેલા થાંભલામાં મોટી તિરાડો જોવા મળે છે. જેના લીધે ગમે ત્યારે સ્ટ્રીટ લાઈટના થાંભલા જમીન દોસ્ત થાય તેવી દહેશત પણ પ્રબળ બની છે. તંત્ર દ્વારા સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા કેટલાક ઠેકાણે નવા પણ નાંખવામાં આવી રહ્યા છે. નગરના ગ માર્ગ ઉપરાંત સે-૬ અને સે-૮ માં પણ સ્ટ્રીટ લાઈટના નવા

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan ®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## ગાંધીનગર (દ) વિસ્તારના ગ્રામ્ય વિસ્તારોમાં રૂ. ૩૭ કરોડથી વધુના ખર્ચે માર્ગોનું રિકાર્પેટીંગ કરાશે

**નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિન પટેલે મંજૂરી આપી સાંસદ-ધારાસભ્યને પત્ર લખી જાણકારી**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર (દ) વિધાનસભા મત વિસ્તારમાં આવતા ગ્રામ્ય વિસ્તારમાં કુલ રૂ. ૩૭.૭૬ કરોડના માર્ગોના કામો મંજૂર કરવામાં આવતાં ગ્રામ્ય વિસ્તારમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

રાજયના માર્ગ-મકાન વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે ધારાસભ્ય શંભુજી ઠાકોરને એક પત્ર લખી આ અંગેની જાણકારી આપી છે.

મળતી વિગતો પ્રમાણે નાયબ મુખ્યમંત્રીશ્રીએ સાત વર્ષથી વધુ સમયના રિકાર્પેટ ન થયેલ હોય તેવા રાજય હસ્તકના રૂ. ૨૪.૭૦ કરોડના ખર્ચે અને પંચાયત હસ્તકના માર્ગોનું રૂ. ૧૩.૦૬ કરોડના કામો મંજૂર કરેલ છે.

રાજય હસ્તકના માર્ગો ૮૨ કિમીના રિકાર્પેટ કરવામાં આવશે. પંચાયત હસ્તકના ૩૫ કિમીથી વધુનું રિકાર્પેટીંગ કરવામાં આવશે. આ કામગીરી ઝડપથી હાથ પર લેવામાં આવતાં આંતર માળખાકીય કામોના સુદ્દઢીકરણને નવો વેગ મળશે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com